ગાંધીનગર સમાચાર

આજે શહેરના જયઅંબે પરિવાર દ્વારા શતક ભોગ અન્નકૂટ

@ગાંધીનગર

● નગરના જુના સાધકો માટે વિપશ્યના ધ્યાનની એક દિવસીય શિબિર સે-૭-સી પ્લોટ નં. ૧૭૨/૧ ખાતે સવારે ૧૧.૩૦ થી ૪.૩૦ કલાક દરમિયાન યોજાશે.

● રાધેશ્યામ ખાદી ટ્રસ્ટ સંચાલિત જન સેવા સમિતિની ટીફીન સેવાને ૧ વર્ષ પૂર્ણ થતા સે-૨૨, પંચદેવ મંદિર ખાતે સવારે ૮.૦૦ કલાકે વિષ્ણુયજ્ઞ કરાવાશે.

● સુરેન્દ્રનગર જિલ્લા મિત્ર મંડળ દ્વારા બપોરે ૨ કલાકે સરગાસણ, કેપીટલ ફલોરા ખાતે સ્નેહમિલન અને મેરીટ એવોર્ડ ૨૦૧૬નો કાર્યક્રમ યોજાશે.

● જૈન સોશિયલ ગ્રુપ દ્વારા રાત્રે ૮ થી ૧૨ કલાક દરમિયાન સેકટર-૧૭, ટાઉનહોલ ખાતે ટેલેન્ટ ઈવનીંગ કમ મ્યુઝીકલ નાઈટનો કાર્યક્રમ યોજાશે.

● જય અંબે પરિવાર દ્વારા જગદંબા પ્રાગટય મહોત્સવ અંતર્ગત આજે પૂજન અન્નકૂટ, મહાઆરતી, રકતદાન શિબિર અને આનંદના ગરબા સહિતના વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાશે.

● સેકરટ-૨ના પેન્શનર સભ્યોદ્વારા સવારે ૧૦ કલાકેસેકટર-૧ના તલાવડીના બગીચા ખાતે સ્નેહમિલનનો કાર્યક્રમ યોજાશે.

● ગાંધીનગર મૂળ નિવાસી સંઘ દ્વારા હેદરાબાદ યુનિવર્સિટીના આશાસ્પદ યુવાન સ્વ. રોહિત વેમુલાને સે-૬, સત્યાગ્રહ છાવણી ખાતે સાંજે ૫.૦૦ કલાકે શ્રધ્ધાંજલિ અર્પણ કરવામાં આવશે.

● જીવ કલ્યાણ સંસ્થા દ્વારા સાંજે ૪ કલાકે સેકટર-૨૨, પંચદેવ મંદિર ખાતે સંસ્થાની બેઠક યોજાશે.

● ગાંધીનગર રબારી સમાજનો સ્નેહમિલન સમારોહ સે-૧૩, લિંબચ માતાના મંદિર ખાતે બપોરે ૨.૦૦ કલાકે યોજાશે.

● હરે કૃષ્ણ મંદિર અમદાવાદ દ્વારા સવારે ૧૦ થી ૧૧.૩૦ કલાક દરમિયાન સે-૧૬ તિરૂપતિ બાલાજી મંદિર ખાતે ગીતા સત્સંગનો કાર્યક્રમ યોજાશે.

- નજાહખાનમ સૈયદ

સે-૨૬ જીઆઈડીસીમાં ઘરફોડીયા ત્રાટકયા

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર શહેરના સેકટર-૨૬ જીઆઈડીસી ખાતે સ્થિત જુલી બેલ્ટ કંપનીના ગોડાઉનમાં તસ્કરો હાથફેરો કરી ગયા હતા. ૨૦મી જાન્યુઆરીની રાત્ર દરમિયાન વેન્ટીલેશનની બારીમાંથી ઘુસેલા શખ્સો ગોડાઉનમાંથી ચાર એલઈડી ટીવી સહિત રૂ. ૧.૩૦ લાખનો મુદ્દામાલ ચોરી કરીને ફરાર થઈ ગયા હતા. ગોડાઉનના માલિકની ફરિયાદને આધારે સે-૨૧ પોલીસે

વેન્ટીલેશનની બારી તોડીને ઘુસેલા ઘરફોડીયા રૂ. ૧.૩૦ લાખનો મુદ્દામાલ ઉઠાવી ગયા

ગુનો દાખલ કરીને ગુનાની ઊંડી તપાસ શરુ કરી છે.

અમદાવાદના થલતેજ વિસ્તારમાં રહેતા મુકેશભાઈ ભુપતભાઈ પારેખનું સેકટર-૨૬ જીઆઈડીસી ખાતે જુલી બેલ્ટ કંપનીનું ગોડાઉન આવેલું છે. આ ગોડાઉનની વેન્ટીલેશન બારી પુરી દેવામાં આવેલી છે. ૨૦મી જાન્યુઆરીએ રાત્રી દરમિયાન ઘરફોડીયા ગોડાઉનની વેન્ટીલેશન બારી તોડીને અંદર ઘુસ્યા અને ગોડાઉનમાંથી ૪ નંગ એલઈડી ટીવી તથા અન્ય મુદ્દામાલ મળી કુલ રૂ. ૧.૩૦ લાખનો સરસામાન ચોરી કરીને ફરાર થઈ ગયા હતાં. ગોડાઉનના માલિકને ઘટનાની જાણ થતાં ઘરફોડ ચોરી અંગે સે-૨૧ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ઘરફોડ ચોરીનો ગુનો દાખલ કરીને તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

વાતવાતમાં

● કડી કેમ્પસમાં સાંજની શાળાઓ છુટવાના સમયે એક ઉંચી ઈમારત પર લટકતી પતંગની દોરીમાં એક કબૂતર ફસાયું હતું. આ કબૂતરને તરફડતું જોઈ બાળકોએ બુમાબુમ કરતા બે સાહસિક યુવાનોએ ઉપર ચઢી કબૂતરને મુકત કરતા બાળકોએ હર્ષની ચિચિયારીઓથી તેમને વધાવી લીધા હતા.

● ઘ-૨ સર્કલ નજીક એક પાનની દુકાને દુકાનદારને જુદા જુદા દેશોની ચલણી નોટો સંગ્રહ કરવાનો શોખ છે. આ શોખમાં તેમણે એકત્ર કરેલી નોટોને દુકાનના કાઉન્ટર પર લગાડી રાખી છે અને ગ્રાહકોને હોંશે હોંશે બતાવી માહિતી પણ આપે છે.

● વાવોલના શાલ્વિક હોમ્સ સોસાયટીમાં પોપટની જોડીએ રહીશોને ભારે હેરાન કરી મુકયાં છે. આ પોપટની જોડી મકાનોની બહાર એસીના વાયરો તથા કાચની બારીના રબરના પેકિંગ વગેરે કાપી નાંખતા રહીશોને પોપટ મીઠું મીઠું બોલી કડવું કાતરી જતા હોવાનો અહેસાસ થઈ રહ્યો છે.

● ગાંધીનગરમાં પણ હવે હુક્કાનું કલ્ચર વિકસી રહ્યું છે. જેમાં શોખીનો હુક્કા પાર્લરમાં જઈ માણવાને બદલે ભાડેથી મેળવી ઘરે બેઠા લુત્ફ ઉઠાવે છે. નગરના ઈન્ફોસીટી તથા કુડાસણ વિસ્તારમાં હુક્કાને લગતી ફલેવર્સ, મેજીક કોઈલ સહિતની તમામ સામગ્રી હાઈટેક દુકાનોમાંથી ધૂમ વેચાઈ રહી છે.

- સમીર રામી, મો. ૯૯૨૪૪૬૬૪૫

સટ્ટાખોરીથી ચેતો અને સિપમાં રોકાણ કરો : વિશાલ જોષી

એનએસડીએલ દ્વારા આયોજિત રોકાણકાર માર્ગદર્શન સેમિનારમાં ઈકવીટી માર્કેટમાં ટ્રેડીંગના જોખમોથી રોકાણકારોને સાવચેત કરાયા

ગાંધીનગર, તા.૨૩

આજે ગાંધીનગરના સે-૧૭માં સ્ટાફ ટ્રેઈનીંગ કોલેજના ઓડિટોરિયમ ખાતે સવારે ૧૦ કલાકે રોકાણકાર માર્ગદર્શન સેમિનાર યોજાયો હતો. 'માર્કેટ ડાયનેમિકસ એન્ડ ટાઈમ ટુ ઈન્વેસ્ટ' વિષયે યોજાયેલ સેમિનારનું આયોજન એનએસડીએલ દ્વારા એસીએમએલના સહયોગથી કરવામાં આવ્યું હતું.

રોકાણકાર માર્ગદર્શન સેમિનારમાં નેશનલ સિકયુરીટીઝ ડિપોઝીટરી સર્વિસના વિવિધ તજજ્ઞોએ ઈકવીટી માર્કેટમાં રોકાણકારોએ કેવી સાવધાની રાખવી જોઈએ તેમજ અલગ અલગ એસેટમાં ઈન્વેસ્ટમેન્ટ દ્વારા કેવી રીતે સંપત્તિનું સર્જન કરી શકાય તે અંગે માહિતગાર કરવામાં આવ્યા હતા. એનએસડીએલના વિશાલ જોષીએ રોકાણકારોને ડેઈલી ટ્રેડીંગ અને સટ્ટાખોરીના જોખમોથી ચેતવ્યા હતા તથા મ્યુચ્યુઅલ ફંડસ અને જીવન વિમા અંગે ઉપયોગી માહિતી પ્રદાન કરી હતી. વિવિધ ઉદાહરણો તથા પાવર પોઈન્ટ પ્રેઝનટેશન દ્વારા તેમણે ઓડિટોરિયમમાં ઉપસ્થિત ૨૦૦થી વધુ રોકાણકારોને શેરબજારની ચાલ અને તેમાં રોકાણ કરવાથી થતા ફાયદો અંગે તલસ્પર્શી માહિતી પુરી પાડી હતી. આ ઉપરાંત ઉમેશ વેદ, ભદ્રેન દરજી વગેરેએ પણ રોકાણકારોનું માર્ગદર્શન કર્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે હાલ ઈકવીટી માર્કેટમાં ભારે ઉથલપાથલ ચાલી રહી છે અને સેન્સેકસ હમણાં મંદીના એંધાણ દર્શાવી રહ્યો છે. આ ઉપરાંત સોનુ તથા પ્રોપર્ટી માર્કેટ પણ રોકાણકારો માટે અવઢવભર્યું સાબિત થઈ રહ્યું છે. આ સંજોગોમાં રોકાણકારો મુંઝવણભરી પરિસ્થિતિમાં મુકાયા છે ત્યારે આ પ્રકારના માર્ગદર્શન સેમિનાર યોજી એનએસડીએલે તેમને હુંફ આપવાનું કાર્ય કર્યું છે. સેમિનારના અંતે તમામ રોકાણકારોના ચહેરા પર સંતોષની રેખાઓ અંકાયેલી સ્પષ્ટ જણાતી હતી.

કોબા સ્થિત હજરત કાદરશાવલીનો ઉર્સ મુબારક

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગરના કોબા ગામે આવેલ હજરત કાદરશાવલી દરગાહ શરીફનું ઉર્સ મુબારક આગામી તા. ૨૫મી જાન્યુઆરીને સોમવારના રોજ મનાવવામાં આવશે. આ પ્રસંગે ગામમાંથી નિશાન સાથે જુલુસ દરગાહ ઉપર પહોંચશે ત્યાં સંદર મુબારક બાદ ચાદર પેશ કરવામાં આવશે. આ ઉર્સ મુબારકમાં આમ ન્યાઝનું આયોજન કરાયું છે. આ પ્રસંગે ધર્મપ્રેમી જનતાને ઉપસ્થિત રહેવા દરગાહના ખિદમતગાર યુનુસભાઈ મનસુરીએ જણાવ્યું છે.

સે-૭-બી ખાતે ફુલોના ગરબા યોજાશે

સેકટર-૭-બીના અગ્રણીઓ દ્વારા તા. ૨૪મી જાન્યુઆરીને રવિવારના રોજ રાત્રે ૮.૦૦ કલાકે પ્લોટ નં. ૪૭૩/૨, સેકટર-૭-બી ખાતે ફુલોના ગરબાનું આયોજન કરવામાં આવ્યું છે. આ દરમિયાન ગુજરાત પ્રદેશ કોંગ્રેસના હોદેદારો તથા જિલ્લા પંચાયતના પદાધિકારીઓનું તેમજ વિજેતા સદસ્યોનું સન્માન કરવામાં આવશે. જેમાં સુરસંગમ ઓરકેસ્ટ્રા દ્વારા રાસ ગરબાની રજૂઆત કરવામાં આવશે. સાંજે ૬.૩૦ કલાકે મહાપ્રસાદનું આયોજન કરાયું છે. આ પ્રસંગે લાલભાઈ પરમાર પરીવાર તથા અગ્રણીઓ દ્વારા ભાવિક ભકતોને નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

નેતાજી સુભાષચંદ્ર બોઝના જન્મદિને વિવેકાનંદ સ્કુલ ખાતે રમતોત્સવ યોજાયો

ગાંધીનગર, તા.૨૩

નેતાજી સુભાષચંદ્ર બોઝના જન્મદિનની ઉજવણીના ભાગરૂપે 'સ્વામી વિવેકાનંદ પબ્લીક સ્કૂલ, સે-૨૪' ખાતે શાળાકીય રમતોત્સવનું આયોજન સંપન્ન થયું. કેજી થી ધોરણ-૧૦ સુધીની શિક્ષણ સુવિધા ધરાવતી આ આદર્શશાળા ખાતે યોજાયેલા આ રમતોત્સવ 'નેહરુ યુવા કેન્દ્ર' ગાંધીનગરના સહયોગથી યોજવામાં આવેલો.

પોતાના ઉદ્ઘાટન પ્રવચનમાં નેહરુ યુવા કેન્દ્રના કોઓર્ડીનેટર શ્રી રજનીભાઈ સુથારે વિદ્યાર્થીઓને જીવનમાં રમત-ગમતનું મહત્વ સમજાવ્યું હતું. આ પ્રસંગે ઉપસ્થિત યુવા દિશા કેન્દ્રના અધ્યક્ષ શ્રી સંજીવ મહેતાએ શાળાકીય પ્રવૃત્તિઓને

અભિનંદન આપવાની સાથે કુ. ઉપાસના સંજીવ મહેતાએ સુભાષચંદ્રની ઐતિહાસીક 'ચલો દિલ્હી' સ્પીચ રજુ કરી હતી.

આ પ્રસંગે ખો..ખો.., કરાટે, કોથળા દોડ, મટકી ફોડ, ૧૦૦મી દોડ, દેડકા દોડ, સંગીત ખુરશી, ગાજર પકડ, સ્લો સાયકલીંગ, લંબીકુદ, ઉંચી કુદ, ગોળા ફેંક જેવી રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું. વિજેતાઓને ૨૬મી જાન્યુઆરીએ નેહરુ યુવા કેન્દ્ર દ્વારા ઈનામો આપવામાં આવશે.

વાવોલ-ગોકુળપુરા રોડ પરથી માંસનો જથ્થો ભરેલો ટેમ્પો પકડાયો : ૨૭ કોથળા માંસ જપ્ત : માંસનું સેમ્પલ એફએસએલ મોકલાયું

ગાંધીનગર, તા.૨૩

અખિલ વિશ્વ ગૌ સેવા સંવર્ધન ટ્રસ્ટના પ્રકાશભાઈ ચૌધરી તથા તેમની ટીમ બાતમીને આધારે આજે સવારે વાવોલ-ગોકુળપુરા માર્ગ પર વોચ પર ગોઠવાઈ ગયા હતા. દરમિયાન જીજે ૨૩ એકસ ૨૯૬૩ નંબરનો ટેમ્પો (છોટા હાથી) ત્યાંથી પસાર થતા તેને ઉભી રખાવી ચેકીંગ કરતા ૨૭ કોથળા ભરેલો માંસનો જથ્થો મળી આવ્યો હતો. જેમાં દિલ્હી ટુ પાલનપુરના સ્ટીકર લાગેલા હતા. દિલ્હીથી પાલનપુર ટ્રેઈનમાં આવેલો આ જથ્થો અમદાવાદ લઈ જવાઈ રહ્યો હતો. પોલીસ અને એફએસએલને બોલાવી લેવાતા જથ્થો જપ્ત કરી પરીક્ષણ માટે સેમ્પલ લેવામાં આવ્યું છે. જો કે ટેમ્પો મુકીને ડ્રાઈવર ફરાર થઈ ગયો હતો. સે-૭ પોલીસે ઉંડી તપાસ હાથ ધરી છે.

સમસ્ત ખડાયતા સમાજનો ત્રિવેણી કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૨૩

શ્રી સમસ્ત ખડાયતા સમાજ ગુજરાત, ગાંધીનગર દ્વારા ત્રિવેણી કાર્યક્રમનું આયોજન તા. ૨૪મી જાન્યુઆરીને રવિવાર બપોરે ૨.૩૦ કલાકે વિશ્વકર્મા હોલ, સેકટર-૧૨ ખાતે કરવામાં આવ્યું છે. જેમાં શૈક્ષણિક ઈનામોત્સવ, ૭૦ વર્ષના વડીલોનું બહુમાન, વિશિષ્ટ સિધ્ધી મેળવનાર જ્ઞાતિજનોનું બહુમાન સાથે સાથે સાંસ્કૃતિક કાર્યક્રમ, ઉંધીયા ઉજાણી રસોત્સવનો કાર્યક્રમ યોજાશે. આ કાર્યક્રમમાં સર્વે જ્ઞાતિજનોને હાજર રહેવા સમાજના મહામંત્રી બી.ડી. શાહે જણાવ્યું છે.

બીબીએ કૉલેજ દ્વારા મુન્દ્રા બંદરની ઔદ્યોગિક મુલાકાત

ગાંધીનગર, તા.૨૩

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન ગાંધીનગર, સેકટર-૨૩માં આવેલી બી.પી. કૉલેજ ઓફ બિઝનેસ એડમિનીસ્ટ્રેશન (બીબીએ) કૉલેજનાં સેમેસ્ટર-૬ નાં ૭૫ વિદ્યાર્થીઓએ કચ્છ જીલ્લામાં આવેલ મુન્દ્રા પોર્ટની મુલાકાત લીધી હતી. આજે પોર્ટ મેનેજમેન્ટમાં પણ રોજગારીની અનેક તકનું સર્જન થઈ રહ્યું છે. અદાણી ગ્રુપ ઓફ ઈન્ડસ્ટ્રીઝ આજે સમગ્ર ભારતમાં વટ વૃક્ષ બની ચૂકી છે. વિદ્યાર્થીઓ દ્વારા કુલ પાંચ ઔધોગીક ક્ષેત્રની મુલાકાત લેવા માં આવી હતી. જેમા ૧૩૭ સ્કવેર કિલોમીટર SEZ તેમજ ૯ સ્કવેર કિલોમીટર વેસ્ટ પોર્ટ ની મુલાકાત લીધી હતી, જેમાં વિદ્યુત પ્લાન્ટ, ઓઈલ રીફાઈન પ્લાન્ટ, માલવાહક જહાજ મુખ્ય પોર્ટ નો સમાવેશ થાય

હતી. અહીં આવેલ શાંતિનાથ મહાદેવનાં દર્શન નો મોકો મળ્યો હતો અને સાંજે વિદ્યુત ઉત્પાદનનાં બબ્બે પ્રકાર છે. તેમજ તેના તમામ તબક્કાઓ બાબતે પણ વિદ્યાર્થીઓને પ્રેક્ટિકલ જ્ઞાન આપવામાં આવ્યું હતું. ખાદ્ય તેલની સંપૂર્ણ પ્રોસેસ વિદ્યાર્થીઓને ખૂબ સુંદર રીતે સમજાવવામાં આવી સાંસ્કૃતીક કાર્યક્રમ માટે જરૂરી વ્યવસ્થા કરી આપવા માં આવી તેમજ કાર્યક્રમમાં કંપની તરફથી શ્રી સમૂહ આરતીમાં ભાગ લીધો હતો. જે દરેક માટે એક અદભૂત લહાવો હતો. શાંતિ ગ્રામ હોસ્ટેલમાં ગૃહપતિ શ્રી ચંદ્રકાંત પંડ્યા સાહેબ દ્વારા વિદ્યાર્થીઓને રાત્રે ભોજન બાદ પુરુરાજ સિંહ ઝાલા ઉપસ્થિત રહ્યા હતા. જેમણે સમગ્ર અદાણી ગ્રુપ ઓફ કંપની બાબતે અત્યંત ઉપયોગી માહિતી ઉંડાણ પૂર્વક આપી હાજર રહી વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો.

હતી તેમજ સમગ્ર કાર્યક્રમમાં બીજા દિવસે સવારે તેઓશ્રી દ્વારા યોગ, હવા, પાણી, ખોરાક તેમજ લાફિંગનાં ફાયદા સમજાવ્યા હતા. મુન્દ્રા ખાતે મનોહરસિંહ ગોહિલ સાહેબ દ્વારા વિદ્યાર્થીઓને પોર્ટ પર સંપૂર્ણ માહિતી આપવામાં આવી હતી તેમજ અદાણી પાવર પ્લાન્ટ પર દિલીપ ગુપ્તા સાહેબ દ્વારા પ્લાન્ટ ની તલસ્પર્શી માહિતી આપવા માં આવી હતી. જયાં દરિયાઈ પાણીથી તેમજ કોલસાથી વીજળી ઉત્પન્ન કરવામાં આવે છે તેની સંપૂર્ણ વિગત જણાવી હતી. તેમજ કંપની દ્વારા સુરક્ષા મુદ્દે ખૂબ સાવચેતી રાખવામાં આવે છે તેમ જણાવ્યું હતું. વિઝિટના છેલ્લા તબક્કામાં બીબીએ કૉલેજ નાં વિદ્યાર્થીઓએ પોતાના અનુભવ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે કૉલેજ દ્વારા આયોજીત આ વિઝિટમાંથી વિદ્યાર્થીઓને ખૂબ ઉપયોગી માહિતી મળવાથી તેઓ પ્રેક્ટિકલ જ્ઞાન નો ઉપયોગ બિજનેસ સ્થાપવા તેમજ અન્ય વ્યાવસાયિક કૌશલ્ય નો ઉપયોગ જીવન પર્યત ઉપયોગી સાબિત થશે તેવો વિશ્વાસ વિદ્યાર્થીઓ દ્વારા વ્યક્ત કરવામાં આવ્યો હતો અને જણાવ્યું હતું કે આ અમારા જીવનની એક અવિસ્મરણીય મુલાકાત હતી. સાથે સાથે અહીં તેમણે માલવાહક બંદર, પાવર પ્લાન્ટ, ફોર્ચ્યૂન ઓઈલ રીફાઈનરી પ્લાન્ટની પણ મુલાકાત લીધી હતી વિદ્યાર્થીઓએ કંપની તેમજ તેના સંચાલકશ્રીઓનો આભાર વ્યક્ત કર્યો હતો.

આ વિઝિટને સફળ બનાવવા માટે સંસ્થા નાં આચાર્ય ડૉ.રમાકાન્ત પૃષ્ટી, પ્લેસમેંટ અને ટ્રેનિંગ સમિતિનાં ઈન્ચાર્જ ડૉ. જયેશ તન્ના તેમજ ડૉ. નીરવ જોશી, પ્રો.આશિષ ભુવા , પ્રો.શીતલ પટેલ અને ધર્મેન્દ્ર રાઠોડ દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી.

આજે શહેરના જયઅંબે પરિવાર દ્વારા શતક ભોગ અન્નકૂટ

મા જગદંબાના પ્રાગટય મહોત્સવ અંતર્ગત બ્લડ ડોનેશન કેમ્પ તેમજ ૬૭ તેજસ્વી તારલાઓનું સન્માન કરવામાં આવશે

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર શહેરના જયઅંબે પરિવાર સેકટર -૧૩ બી દ્વારા મા જગદંબાના પ્રાગટય મહોત્સવ અંતર્ગત શતક ભોગ અન્નકૂટનું આયોજન કરવામાં આવ્યું છે. માતાજીને ૧૩૧ વાનગીનો અન્નકૂટ ધરાવવામાં આવશે. માતાજીના અન્નકૂટ માટે વિવિધ વાનગી તૈયાર કરવામાં જયઅંબે પરિવારની ૫૦ બહેનો જોડાઈ હતી. પરિવારની બહેનો દ્વારા વાનગીઓ બનાવતી વખતે સ્વચ્છતા પર વિશેષ ધ્યાન રાખવામાં આવ્યું છે.

પોષ માસની પૂનમ એટલે મા અંબાનો પ્રાગટય દિવસ છે. મા જગદંબાનો પ્રાગટય દિવસની રાજયભરમાં ભારે ધામધુમથી ઉજવણી કરવામાં આવેછે. ગાંધીનગર શહેરના સેકટર-૧૩ બી શકિત ચોક ખાતે જયઅંબે પરિવાર દ્વારા પ્રતિવર્ષની જેમ આ વર્ષે પણ જગત જનની મા જગદંબાના પ્રાગટય મહોત્સવનુંઅનેરુ આયોજન કરવામાં આવ્યું છે. પ્રાગટય મહોત્સવ અંતર્ગત તા. ૨૪ જાન્યુઆરીના રોજ શતક ભોગ અન્નકૂટ માતાજીને ધરવામાં આવશે. અન્નકૂટમાં માતાજીને વિવિધ મીઠાઈની વાનગી, ફરસાણ, શાકભાજી,આઈસક્રીમ અને શરબત તેમજ મુખવાસ પણ ધરાવાશે. માતાજીના અન્નકૂટ બનાવવાની કામગીરીમાં જયઅંબે પરિવારની ૫૦ થી વધુ બહેનો જોડાઈ હતી. વાનગી

તૈયાર કરતી વખતે તમામ બહેનોએ સ્વચ્છતા પર વિશેષ કાળજી લીધી હતી. શહેરના સેકટર-૧૩ શકિતચોક ખાતે સવારથી જ વિવિધ ધાર્મિક કાર્યક્રમ યોજાશે. જેમાં સવારે ૮ કલાકે મા જગદંબા પૂજન પ્રારંભ, ૯ કલાકે અન્નકૂટ અર્પણવિધિ, ૧૦ કલાકે ભકિત વંદના ત્યારબાદ થાળ ગાન તેમજ ૧૦.૪૫ કલાકે મહાઆરતી યોજાશે. સવારે ૧૧ કલાકે મહોત્સવમાં આવેલા ભકતો માટે ભોજન પ્રસાદ ત્યારબાદ રચનાત્મક કાર્યક્રમોમાં રકતદાન શિબિર, ભકિતવંદના સમુહ સ્વાધ્યાય, આનંદનો ગરબો, આરતી, બાદમાં જયઅંબે પરિવારના ઉચ્ચ શિક્ષણ મેળવેલા ૬૭ તેજસ્વી તારલાઓનું સન્માન કરવામાં આવશે. આ પ્રસંગે શકિતચોક ખાતે સવારથીજ મોટી સંખ્યામાં ભાવિભકતો હાજર રહેશે. માતાજીના દર્શન તેમજ અન્નકૂટના દર્શન કરીને મોટી સંખ્યામાં ભકતો ધન્યતા અનુભવશે. દિવસ દરમ્યાન વિવિધ ધાર્મિક કાર્યક્રમોથી વાતાવરણમાં ભકિતનો માહોલ સર્જાશે.

સહયોગ મંડળ દ્વારા બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો

ગાંધીનગર, તા.૨૩

સહયોગ મંડળ દ્વારા તાજેતરમાં ટાટા કન્સલટન્સી સર્વિસીસ, ગરીમા પાર્ક ખાતે બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૧૬૬ બોટલ બ્લડ એકત્રિત કરાયું હતું. આ બ્લડ ડોનેશન કેમ્પમાં સિવિલ હોસ્પિટલ ગાંધીનગરના કર્મચારીઓએ પણ સહયોગ પુરો પાડયો હતો. આ કેમ્પમાં પરિમલભાઈ, કિશોરભાઈ, શેફાલીબેન, રચનાબેન, ભગુભાઈ પટેલ, ભુપેન્દ્રભાઈ પંચાલ, રતિભાઈ સુથાર, કીરીટસિંહ વાઘેલા, અતુલ બક્ષી, સુકેતુ મહેતા હાજર રહ્યા હતા.

અવસાન નોંધ

સ્વ. કાન્તાબેન શકરાભાઈ આસોડીયાનું દુઃખદ અવસાન થયેલ છે. જેઓનું બેસણું તા. ૨૪મી જાન્યુઆરીને રવિવારના રોજ સવારે ૯ થી ૧૨ કલાક દરમિયાન પ્લોટ નં. ૪૬૪/૨, સેકટર-૭-બી ખાતે રાખેલ છે.

ચિરવિદાય

- સ્વ. કમુબેન લક્ષ્મણજી ઠાકોર, ઉ.વ. ૮૦
- સ્વ. છનાભાઈ કાળુભાઈ ગઢવી, ઉ. વ.૮૦
- સ્વ. રમણભાઈ મંગાભાઈ સેનમા, ઉ.વ.૬૦